સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
હુકમ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૧/૫૪૫૦૫૦/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૧૩/૦૧/૨૦૨૨.

વંચાણે લીધા:-

(૧) એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮માં નામ. ગુજરાત હાઇકોર્ટનો તા.૧૨/૧૨/૨૦૧૮નો હુકમ, એસ.સી.એ.નં.૭૧૭૧/૨૦૨૦માં નામ. ગુજરાત હાઇકોર્ટનો તા.૦૮/૦૬/૨૦૨૦ નો હુકમ.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) નાણાં વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૧૬-યુઓ-૧૨૧-(૨૨)-પ.એ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૯/૦૭/૨૦૨૧ નો ઠરાવ ક્રમાંક: અપગ/૧૦૨૦૨૦/૩૨૩૦૬૮/છ.૧

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક :અપગ/૧૦૨૦૧૮/૪૯૪૩૩૦/છ.૧.

(૯) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ નો પત્ર ક્રમાંક:અપગ/૧૦૨૦૨૦/૧૯૪૭૯૮/છ.૧

(૧૦) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૬/૦૧/૨૦૨૨ નો પત્ર જા.નં.અપગ/કા.નોં/વર્ગ-૧/૦૬.

હુકમ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનના નામ. હાઈકોર્ટના ઓરલ ઓર્ડર અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના આચાર્ય, મદદનીશ શિક્ષકો, ઓડિયોલોજીસ્ટ, ફિઝિયોથેરાપીસ્ટ, મોબીલીટી ઈન્સ્ટ્રક્ટર, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ સંવર્ગના કર્મચારીઓને નાણા વિભાગના તા.૧૬/૦૮/૧૯૯૪ ના ઠરાવ ક્રમાંક:પગર-૧૧૯૪-૪૫-મ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ તેમજ વખતોવખત થયેલા ઠરાવોમાં સામેલ પરિશિષ્ટ મુજબ ૯-૨૦-

૩૧ ઉચ્ચતર પગાર ધોરણનો લાભ આપવા અને તે સિવાયના અન્ય સંવર્ગોને ૧૨-૨૪ વર્ષે ઉચ્ચત્તર પગાર ધોરણની યોજનાનો લાભ આપવાનો રહે છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૮) અને (૯) ઉપરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૭) ઉપરના વિભાગના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને તા.૦૬/૧૨/૨૦૨૧ ના રોજ બેઠક યોજાયેલ હતી, જે અન્વયે નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) ઉપરના પત્રથી કુલ-૦૪ પીટીશનરોનું વર્ગ-૧ નું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની કાર્યવાહી નોંધ અત્રે મોકલી આપવામાં આવેલ. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો પરત્વે સમર્થન આપવા નાણા વિભાગને દરખાસ્ત કરતાં ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે નાણા વિભાગની મંજૂરી મળેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૬) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવાનું રહે છે, જે મુજબ નીચેના કોષ્ઠકમાં દર્શાવેલ ૦૪ કર્મચારીઓનું તેઓના નામ સામે દર્શાવેલ કોલમ (૩) મુજબ કોલમ (૪) માં દર્શાવેલ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ આથી મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | કર્મચારીનું નામ અને હોદ્દો | મળવાપાત્ર પગાર ધોરણ અને કયા તબક્કાનું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર | ઉચ્ચતર પગાર ધોરણ ક્યારથી મળવાપાત્ર |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૧ | અનિલભાઇ આર. રાવલ, મદદનીશ શિક્ષક | ૯300-3૪૮00 ગ્રે.પે. ૫૪00/-(તૃતિય) | તા.૦૧/૦૭/૨૦૧૨ |
| ૨ | જાગૃતિબેન કે. શાહ, મદદનીશ શિક્ષક | ૯300-3૪૮00 ગ્રે.પે. ૫૪00/-(તૃતિય) | તા.૧૮/૧૨/૨૦૦૯ |
| 3 | રણછોડભાઇ કે. ઠક્કર, મદદનીશ શિક્ષક | ૯300-3૪૮00 ગ્રે.પે. ૫૪00/-(તૃતિય) | તા.૧૧/૦૮/૨૦૧૪ |
| ૪ | ઉષાબેન એસ. મેકવાન, મદદનીશ શિક્ષક | ૯300-3૪૮00 ગ્રે.પે. ૫૪00/-(તૃતિય) | તા.૦૭/૦૭/૨૦૧૧ |

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૬) ઉપરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની લેખિત બાંહેધરી લેવાની રહેશે.

વધુમાં, ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૧/૦૧/૨૦૨૨ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- સંબંધિત કર્મચારીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત )
- શાખા સિલેક્ટ ફાઇલ.